## 1. સ્થાનિક સ્વરાજ એટલે શું? તેની વિસ્તૃત સમજ આપો.

- આધુનિક રાજયો વિશાળ વિસ્તાર અને વિપુલ વસ્તી ધરાવે છે. તેથી એ ક જ સ્થળેથી સમગ્ર રાજયનું સંચાલન કરવું મુશ્કેલ બને છે. રાજયના અલગ અલગ પ્રદેશો સમસ્યાઓ તેમજ પ્રશ્નો અલગ અલગ હોય છે. આ સમસ્યા ઉકેલવા પૂરતો સમય નથી. આવી પરિસ્થિતિમાં લોકશાહીના વિકેન્દ્રીકરણનો ખ્યાલ ઉદ્ભવ્યો. ભારતમાં કેન્દ્ર અને રાજય સરકારોએ પણ વહીવટીય સરળતા કે સુગમતા ખાતર સત્તાના વિકેન્દ્રીકરણ, વિકસાવ્યો છે. વિકેન્દ્રીકરણના અભિગમથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ઉદ્દભવ અને વિકાસ થયો. આ સંસ્થાઓ સમવાયતંત્રમાં ત્રીજી સરકાર છે.
- સ્થાનિક સ્વરાજનો અર્થ : "લોકો જે સ્થળે વસવાટ કરે છે તે ગામ, નગરો, મહાનગરનો વહીવટ પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા થાય તેને સ્થાનિક સ્વરાજ કહે છે." આ માટે જે સંસ્થાઓ રચાય તેને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે સેલ્ફ ગવર્મેન્ટ કહે છે.
- રાજયની સંસ્થાઓ મુખ્ય બે પ્રકારની હોય છે : (1) ગ્રામીણ વિસ્તારની સંસ્થાઓ : ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત. (2) શહેરી વિસ્તારોની સંસ્થાઓ : મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને મહાનગર નિગમ.

## 2. સ્થાનિક સ્વરાજ્યની અગત્ય સમજાવો.

- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ખાપણા દેશમાં પ્રાચીન સમયથી હતી. કાળક્રમે નાશ પામી દેશમાં વર્તમાન સમયમાં જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જોવા મળે છે. તેની શરૂઆત બ્રિટિશ શાસન દરમિયાન થઈ હતી. દેશની આઝાદીની લડતોના સમયમાં પણ તેનો વિકાસ થયો છે. ભારતના રાષ્ટ્રપતિ ગાંધીજીના સ્વરાજની કલ્પનામાં હંમેશા ગામડાને કેન્દ્રસ્થાન ગણાવ્યું છે. તે કહેતા, સત્તાનું કેન્દ્ર અત્યારે દિલ્હી, કોલકતા કે મુંબઈ જેવા મોટા શહેરોમાં છે, મારું ચાલે તો હું સત્તાના કેન્દ્રોને તોડી ભારતના સાત લાખ ગામડાંઓમાં વહેંચી દેવું. સ્થાનિક સ્વરાજ્ય અગત્યતા : સત્તાનું વિકેન્દ્રીકરણ સિદ્ધ થાય છે.

  (1) સ્થાનિક નાગરિકો જવાબદારીથી સભાન બને છે.
  (2) આ સંસ્થાઓ લોકશાહીની તાલીમ શાળા છે.
  (3) વહીવટી ખર્ચમાં કરકસર થાય છે.
  (4) વહીવટી સુધારાની પ્રયોગશાળા પુરવાર થાય છે.
  (5) નાગરિકો સ્થાનીક કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.
  (6) નાગરિકો સતત જાગૃત બને છે.
  (7) નાગરિકોનો સ્થાનિક કાર્યોમાં રસ વધે છે અને સ્થાનિક સ્તરે નિસબત વધે છે.
  (8) નોકરશાહી અને અમલદારશાહીનો પ્રભાવ ઘટે છે.
  (9) કેન્દ્ર અને રાજય સરકારના કાર્યભાર ઘટે છે.
  (10) લોકશાહીના કલેવરમાં પ્રાણવાયુ પુરે છે.
  (11) સ્થાનિક સરકાર સૌથી વધુ લોકશિક્ષણનું કામ કરે છે. આથી જ ભારતના પ્રથમ વડાપ્રધાન નહેરુજીએ કહ્યું છે કે સ્થાનિક સ્વરાજ્ય એ જ સાચા લોકશાહી તંત્રનો પાયો છે. જ્યાં સુધી લોકશાહીમાં સ્થાનિક સ્વરાજની પૂરતી અગત્યના મળે ત્યાં સુધી દેશમાં લોકશાહી તંત્ર સફળ થઈ શકે તેમ નથી.

## 2. સ્થાનિક સ્વરાજ્યનો ઉદ્દભવ અને વિકાસની ચર્ચા કરો.

- ગાય, ગીતા અને ગામડું એ ભારતની ઓળખ છે. પ્રાચીન સમયથી ગામડું એ ભારતના વહીવટીતંત્રને સૌથી નાનું અને મહત્વનું એકમ છે. વેદો, સર્વેદ અને ગુપ્તયુગના સમયમાં જનપદ, પંચમંડળ કે પંચાયતોનો ઉલ્લેખ જોવા મળે છે.
- બ્રિટિશ સમય દરમિયાન તેમાં નોંધપાત્ર વિકાસ થયો. વહીવટી વિકેન્દ્રીકરણ અને રાજકીય શિક્ષણની દષ્ટિએ 1871માં લોર્ડ મેયોનીએ મોતીય સરકારનો કાયદો કર્યો તે દ્વારા શિક્ષણ, સારવાર રસ્તાના બાંધકામ જેવી વહીવટી બાબતો વહીવટ વિભાગને સોંપ્યો.
- 1871માં મદ્રાસ,ંજાબ, બંગાળ, ઉત્તર પ્રદેશની પ્રતીક સરકારો એ સ્થાનિક સ્વરાજયની સરકારોની સ્થાપના અંગેના કાયદો ઘડવો. 1982માં લોર્ડ રિપન દ્વારા ભારતના ભાવિ સ્થાનિક સ્વરાજયની સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યો. તેથી તેઓને "સ્થાનિક સ્વરાજયની પિતા" કહેવાય છે, 1889માં મુંબઈ સરકારે કાયદો બનાવી ગામડામાં સ્વચ્છતા સમિતિ બોર્ડની રચના કરી. 1907માં રોયલ કમિશને સ્થાનિક સ્વરાજયની કાર્યક્ષેત્રે અંગે ભલામણ કરી.
- 1915માં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા. 1919 માં ભારતની મધ્યસ્થ સરકારે સ્થાનિક સંસ્થાઓના પ્રાંતીય સરકારનો વિષય બનાવ્યો. 1920માં "ધી બોમ્બ વિલેજ પંચાયતી એક્ટ" પ્રાંચીય સ્વાયત્તતા કાયદો 1946માં બંધારણમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયો, સરકારે સામુદાયિક વિકાસના નામ હેઠળ એક વહીવટી માળખું ઊભું કર્યું.
- 1977માં અશોક મહેતા સમિતિની રચના અને ત્યારબાદ 1984માં હનુમંતરાવની અધ્યક્ષતા હેઠળ રચાયેલી સમિતિની ભલામણો અનુસાર બંધારણમાં 73મો અને 74મો સુધારો કરીને સમગ્ર દેશમાં એક સરખા પંચાયતી તેમજ શહેરી શાસનની સંસ્થાઓની જોગવાઈ કરવામાં આવી.

## 3. પંચાયતીરાજની રચનાપ્રક્રિયા અંગે વિસ્તૃત નોંધ કરો.

- પંચાયત સતત બે શબ્દોનો બનેલો છે. 'પંચ' અને 'આયત' પંચનો શબ્દાર્થ પાંચ થાય છે. જયારે આયાતનો અર્થ સ્થળ થાય છે. પંચાયત એટલે પંચનું સ્થળ. આમ, પંચાયત એટલે "સ્થાનિક પ્રશ્નોનું નિવારણ માટેની પાંચ ડાહ્યા માણસોની સંસ્થા."
- રચના : બંધારણની કલમ 40 અનુસાર ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજય એ પગલાં ભરવાના છે અને સ્વરાજયના એકમો તરીકે કાર્ય કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકારો આપવામાં આવે છે.
- 1963 થી અને સમગ્ર ભારતમાં 1964થી પંચાયતી રાજનો પ્રારંભ થયો. 20 લાખથી ઓછી વસ્તી ધરાવતા ઘટક રાજય માટે દ્વિસ્તરીય અને તેથી વધુ વસ્તી ધરાવતા રાજયોમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની વ્યવસ્થા છે.
- સ્તરઃ 1992માં ભારતીય સંસદ બંધારણમાં 73માં અને 74માં સુધારા કરીને મોમીણ અને શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપ્યો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો સ્વીકાર શાસનના ત્રીજા સ્તર તરીકે કરવામાં આવ્યો છે.
- અનામત : તમામ સ્તરોએ 33 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે, આ ઉપરાંત અધ્યક્ષ કે ચેરમેનના પદ માટે પણ એક તૃતિયાંશ બેઠકો મહિલાઓ અનામત રાખવામાં આવી છે.

- ભંડોળઃ રાજ્ય સરકારો તરફથી આ સંસ્થાઓને જરૂરી નાણાં કે ગ્રાન્ટની ફાળવણી માટે રાજ્ય નાણાપંચની રચના કરવાની જોગવાઈ છે.
- કાર્યોઃ બંધારણની સૂચી 11 ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સૂચિ નંબર 12 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો જે કાર્ય દર્શાવવામાં આવ્યા છે તે કાર્યો આ સંસ્થાઓએ કરવાના હોય છે.

### 4. પંચાયતીરાજમાં ગ્રામપંચાયતની રચના અને કાર્યો સમજાવો

- ગ્રામ પંચાયતની રચના નીચે મુજબ છે : વસ્તી : ગ્રામ પંચાયત ગ્રામનું સ્થાપિત મંડળ છે, જેમાં ઓછા 1500 થી 15,000 સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત રચાય છે. ક્યારેક થોડા ગામડાંઓની જૂથ પંચાયત પણ રચી શકાય છે.
- મતદાનઃ છેલ્લી વસતી ગણતરીના આંકડા મુજબ ગ્રામની વસ્તીને સમાન ધોરણે વહેંચીને વોર્ડની રચના કરવામાં આવે છે. પ્રત્યક્ષ પદ્ધતિથી ગુપ્ત મતદાનની પ્રક્રિયા વડે ચૂંટણી થાય છે. ગુજરાત સરકારના પેટા નિયમ મુજબ કોઈપણ નાગરિક એકી સાથે બેથી વધુ વોર્ડમાં ઉમેદવારી કરી શકતો નથી.
- અનામત : ગ્રામ પંચાયતમાં સ્ત્રીઓ, અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે અનામત બેઠકોની જોગવાઈ છે. મહિલાઓ માટે 33 % અનામતની જોગવાઈ કરવામાં આવી છે, અને રોટેશન પદ્ધતિથી બેઠકો ફાળવવામાં આવે છે. (33 % અનામત 50 % કરવામાં આવી છે.)
- ઉમેદવાર : ગામની મતદાર યાદીમાં જે વ્યક્તિનું નામ સમાયેલું હોય એવો ભારતનો કોઈપણ નાગરિક ગ્રામ પંચાયતના સભ્ય કે સરપંચ માટે ઉમેદવારી નોંધાવી શકે છે. ઉમેદવારી માટેની ઉંમર 21 વર્ષ નક્કી કરવામાં આવી છે.
- સમરસતા પુરસ્કાર : ગુજરાત સરકારે જે ગામમાં બિનહરીફ ચૂંટણી થાય તેને માટે સમરસતા પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો. છે. સમરસ અને મહિલા સમરસ એમ બે પ્રકારના પુરસ્કારો આપવામાં આવે છે. સરપંચ : ગ્રામ પંચાયતના પ્રમુખને સરપંચ કહે છે. સમગ્ર ગામના મતદારો દ્વારા પંચની દેખરેખ હેઠળ પ્રત્યક્ષ પદ્ધતિથી સરપંચની ચૂંટણી થાય છે, સરપંચ પદ પાંચ વર્ષ માટેનું હોય છે. પરંતુ, ગ્રામ પંચાયતના સભ્યો તેની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકે છે. સરપંચનું પદ પંચાયતી રાજના નિયમ મુજબ સ્ત્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ માટે અનામત રખાઈ છે. ગ્રામ પંચાયતની વર્ષમાં બેવાર સભા બોલવાની જોગવાઈ છે.
- ઉપસરપંચ : ઉપરસરપંચની ચુંટણી ગ્રામ પંચાયતના ચુંટાયેલા સભ્યો ગ્રામ પંચાયતની પ્રથમ સામાન્ય બેઠકમાં કરે છે. પરોક્ષ પદ્ધતિ એ ઉપસરપંચ ચૂંટાય છે.
- વહીવટી અધિકારી : ગ્રામ પંચાયતના વહિવટી અધિકારી તલાટીકમમંત્રી છે. જે સરપંચના સચિવે છે, તેમના સ્થાનિક નિવાસ કરીને ગ્રામ પંચાયતના કાર્યાનિ સતત વેગવંતો રાખે છે. તેઓએ સરકારી દફતરી, જમીન મહેસુલ, પંચાયતની રાજયની યોજના સંદર્ભમાં તાલુકા જિલ્લા પંચાયત સાથે સતત સંપર્ક રાખવાનો હોય છે. દૈનિક રોજમેળા, હિસાબો વગેરે નાણાંકીય વ્યવહારો સરપંચની નિશ્રામાં રહીને કરવાના હોય છે.ગ્રામ પંચાયતની સમિતિઓ ગ્રામ પંચાયત યોગ્ય કામ કરી શકે તે માટે (1) કારોબારી (2) અપીલ (3) સામાજિક ન્યાય (4) શૈક્ષણિક (5) બાંધકામ (6) સ્વચ્છા (7) આરોગ્ય જેવા સમિતિઓની રચના કરવામાં આવે છે.

- ભંડોળ : પંચાયતી રાજના કલમ 243 મુજબ પંચાયતોને આર્થિક સહાય કરવા રાજ્ય નાણાપંચની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ઘરવેરા, વાહનવેરા, મેળા ઉત્સવ, વિજળી વેરો, જમીન મહેસુલ અને સરકારશ્રી તરફથી મળતી ખાસ અનુદાન મુખ્ય છે.
- ઉદ્દેશ : બંધારણીય રીતે ગ્રામ પંચાયત મુખ્ય બે ઉદેશો ધરાવે છે.
  (1) દરેક સ્તરની પંચાયતો પોતાના વિસ્તારની આર્થિક વિકાસની યોજનાઓ તૈયાર કરી છે તેમનો અમલ કરે.
  (2) પોતાના વિસ્તારમાં સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તેવી યોજનાઓ દરેક સ્તરની પંચાયતો તૈયાર કરે તેનો અમલ કરે છે.
- કાર્યો : ગ્રામપંચાયતના મુખ્ય બે કાર્યો છે.
- (A) ફરજિયાત કાર્યો : (1) પીવાના તથા ગૃહપ્રધાન પાણીની વ્યવસ્થા, (2) સ્મશાનગૃહની જાળવણી (3) ખેતીવાડી અને સહકારી પ્રવૃત્તિનો વિકાસ (8) લગ્ન, જન્મમૃત્યુની નોંધણી, (9) ગ્રામ પંચાયતની મિલકતની જાળવણી, (10) ગ્રામરક્ષક દળની રચના અંગેની કામગીરી, (11) જમીન મહેસુલ તથા સરકારી લેણાની વસુલાત, (12) પશુપાલન પશુસંવર્ધન તથા દેખરેખ (13) વસ્તી ગણતરી કાર્યમાં મદદ અને સામાજિક શિક્ષણ, (14) ચેપીરોગ અટકાવવા માટે પગલાં.
- (B) મરજીયાત કાર્યો : (1) વૃક્ષારોપણ, (2) ધર્મશાળા, આરામગૃહ, ઘાટ બનાવવા, (3) વ્યાયામ શાળા, પુસ્તકાલય, બગીચાઓની વ્યવસ્થા કરવી, (4) અનાજ ભંડોળની વ્યવસ્થા કરવી, (5) કુદરતી આપત્તિના સમયમાં કાર્યો, (6) સામુદાયિક કેન્દ્રો ચલાવવા, (7) પ્રજાસેવાના અન્ય કાર્યો.  મુદત : ગ્રામ પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. જેમાં રાજય સરકાર વધારો ઘટાડો કરી શકે છે અને જરૂર પડે તો વિસર્જન પણ કરી શકે છે.

## 5. તાલુકા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

- તાલુકા પંચાયતની સભ્ય સંખ્યા 5 અને વધુમાં વધુ 31ની હોય છે, એક લાખની વસતી સુધી 15 સભ્યો અને તેથી વધુ સભ્યો માટે વધારાની 25 હજાર કે તેથી વધુ વરતી માટે બે સભ્યોની જોગવાઈ છે, તાલુકા પંચાયતમાં આ વિસ્તારમાંથી ચૂંટાઈને આવેલા ધારાસભ્યો ગણાય છે, તેવો મત આપી શકતા નથી.તાલુકા પંચાયતમાં મતદાર વિસ્તારની એક સભ્ય ચૂંટાય છે. રાજકીય પક્ષો પોતાના મેન્ડેટ દ્વારા ઉમેદવારોને ઉભા રાખી શકે છે.
- પદાધિકારીઓ પ્રમુખ અને ઉપપ્રમુખએ તાલુકા પંચાયતના પદાધિકારીઓ છે. પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી પરીક્ષા પદ્ધતિ એ પેલા સભ્યો દ્વારા કરવામાં આવે છે. પ્રમુખ અન્ને ઉપપ્રમુખ એ મકા પંચાયતના પદાધિકારીઓ છે . પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી રક્ષપદ્ધતિએ ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવામાં આવે છે.
- પ્રમુખનો હોઠો મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ કે સામાજિક માટે શક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવ્યા છે. તાલુકા પંચાયતોમાં 50 % બેઠકો મહિલાઓ માટે અનામત રખાય છે અને જે તાલુકાની વસ્તીમાં 15 % વસ્તી બક્ષિપંચ કે અનુસુચિત જનજાતિની હોય તો 15 % બેઠકો અનામત રાખવામાં આવ્યા છે.
- 1986ના પક્ષાંતરધારાની તાલુકા પંચાયતના ઉમેદવારોને અસર થાય છે. તાલુકા પંચાયતના પ્રમુખ જો અંદાજપત્ર પસાર કરવામાં સફળ ન બને તો તે અવિશ્વાસની દરખાસ્ત ગણવામાં આવે છે અને તેને પોતાના પદનો ત્યાગ કરવો પડે છે.

- વહીવટી અધિકારી : તાલુકા પંચાયતના વહીવટ અને તાલુકા વિકાસ અધિકારી કહેવાય છે. જે પ્રમુખના સચિવ તરીકેની સેવાઓ આપે છે. તાલુકા પંચાયતના વહિવટી કારોબારી વડા છે, તેમજ અન્ય કર્મચારીઓની ભરતી, બદલી, બઢતી અને સરકાર તેમજ જિલ્લા પંચાયતો સાથે રહીને તે સંકલનનું કામ કરે છે.
- તાલુકાની સમિતિઓઃ કારોબારી સમિતિ અને સામાજિક કલ્યાણ સમિતિ. કારોબારી સમિતિઓ ચૂંટાયેલા સભ્યોમાંથી એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટે છે. સામાજિક કલ્યાણ સમિતિના સભ્યો તેમજ અધ્યક્ષનું સ્થાન અને પસંદગી અનુસૂચિત જાતિના સભ્ય માટે અનામત રાખવામાં આવ્યા છે. તાલુકા પંચાયતમાં શિક્ષણ સમિતિ, ખેતીવાડી સંપત્તિ, સફાઈ સમિતિ, આરોગ્ય સમિતિની રચના કરવામાં આવ્યા છે.
- નાણાંકીય સંસાધનો : તાલુકા પંચાયતના આવકના સંસાધનો તરીકે સરકારી અનુદાન સહાય, સ્ટેમ્પ ડ્યુટીની આવક, જમીન મહેસુલ હિસ્સો મુખ્ય છે.
- તાલુકા પંચાયતના કાર્યો : (1) સ્વચ્છ, (2) સફાઈ, (3) બાંધકામ, (4) સમાજ શિક્ષણ, (5) શિક્ષણ વિકાસ, (6) ખેતીવાડી સિચાઈ, (7) પશુસંવર્ધન, (8) ગ્રામોદ્ધારના અને નાના ઉદ્યોગોનો વિકાસ, (9) સહકારી ક્ષેત્ર, (10) સ્ત્રી કલ્યાણ, (11) સમાજ કલ્યાણ, (12) આંકડા સંગ્રહ, (13) જંગલ વિસ્તાર, (14) માહિતી અને મનોરંજન, (15) રાહતનાં કાર્યો.

### 6. જિલ્લા પંચાયતની રચના અને કાર્યો સમજાવો.

- પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખામાં સૌથી ટોચના સ્થાને જિલ્લા પંચાયતનું હોય છે.
- રચના : જીલ્લા પંચાયત 3 થી 51 સભ્ય સંખ્યા ધરાવે છે. ઉલ્લી વસ્તી ગણતરી મુજબ જિલ્લાના જુદા પ્રદેશિક મતદારે મંડળમાં વિભાજીત કરીને સભ્યોને ચૂંટવામાં આવે છે. જેમાં, (a) મતદાર મંડળો દ્વારા ચૂંટાયેલા સભ્યો. (b) તાલુકા પંચાયતના પ્રમુખો. (c) જિલ્લામાં વસવાટ કરતા ચુંટાયેલા ધારાસભ્યો, સંસદસભ્યો જેવા આમંત્રિક સભ્યોની રચાય છે.
- પદાધિકારીઓ : જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. પાંચ વર્ષ માટે આ પદ હોય છે. અવિશ્વાસની દરખાસ્ત કે નૈતિક અધપતન માટે વિકાસ કમિશનર દ્વારા હોદોનો ત્યાગ કરવાની ફરજ પાડી શકાય છે.
- ભંડોળઃ જિલ્લા પંચાયતના આવકના મુખ્ય સાધનોમાં જમીન મહેસુલ, સ્ટેમ્પ ડ્યુટી, ઉત્સવ મેળા આયોજન, સરકારી અનુદાન સહાયક અને નાણાપંચની ખઆસ સહાય મુખ્ય છે.
- વહીવટીય અધિકાર : જિલ્લા પંચાયતના પ્રમુખને વિકાસ કાર્યોમાં મદદ અને સલાહ આપવા માટે પ્રથમ વર્ગના અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. જેને જિલ્લા વિકાસ અધિકારી કહેવામાં આવે છે. જે રાજ્ય સરકાર દ્વારા નિમાયેલા હોય છે.
- સમિતિઓ : કારોબારી, શિક્ષણ, જાહેર આરોગ્ય, સમાજ કલ્યાણ, બાંધકામ, અપીલ, ઉત્પાદન અને સહકાર કલ્યાણ, બાંધકામ, અપીલ, ઉત્પાદન અને સહકાર કલ્યાણ, મહિલા બાળ કલ્યાણ, સિંચાઈ, હળપતિભૂમિહીન ખેતમજૂરો આવાસ બાંધકામ સમિતિ, નાણાંકીય અંદાજપત્ર સમિતિ, 1986 થી 20 મુદા કાર્યક્રમ અમલ સમિતિની રચના કરવામાં આવે છે.

- જિલ્લા પંચાયતના કાર્યો : સ્વાચ્ય, સફાઈ, બાંધકામ, શિક્ષણ સંસ્કાર, વહીવટી, સામૂહિક વિકાસ, ખેતીવાડી, પશુસંવર્ધન, ગ્રામોદ્ધાર અને નાના ઉદ્યોગોનો વિકાસ, સમાજ કલ્યાણ, રાહત મદદ, નાની સિંચાઈ યોજના, મહિલા અને બાળ કલ્યાણ, સમાજ કલ્યાણ, સહકારી ક્ષેત્ર, જંગલ વિકાસ, આંકડા સંગ્રહ.
- મુદત : જિલ્લા પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. પરંતુ પક્ષ પલટો ધારા મુજબ અવિશ્વાસની દરખાસ્ત દ્વારા મુદત પહેલા તેનું વિસર્જન થઈ શકે છે.